# દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિ મંડળની
# મુખ્ય તેલબિયાં સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ ખાતે મુલાકાત

તા. ૦૨.૦૩.૨૦૨૬ના રોજ મુખ્ય તેલબિયાં સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, જૂનાગઢ ખાતે દક્ષિણ આફ્રિકાથી આવેલ પ્રતિનિધિમંડળે સૌજન્ય મુલાકાત લીધી. આ પ્રતિનિધિમંડળમાં મી. હેક્ટર લાઝારસ (Business Manager Africa – Lorenz South Africa; Director – Vaalharts Groundnuts Marketing), ડો. જેકોબસ વોગેસ (Agronomist, Sion Agri), મી. ગેરહાર્ડસ લોરેન્સ ડી કોક (Owner, Roba Foods – Peanut Processors), ડો. જેમ્સ ક્યાલો મોવોલોલો (Agricultural Scientist, ICRISAT) તેમજ શ્રી કૃણાલ કાથરોટિયા (Sourcing Manager – Lorenz Snacks India Pvt. Ltd.) સામેલ હતા.

મુલાકાત દરમિયાન સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક ડૉ. આર. બી. માદરીયા, સંશોધન વૈજ્ઞાનિક (મગફળી), ડૉ. એસ. પી. કાછડીયા, ડૉ. એન. ડી. ઢોલરીયા, ડૉ. જે. બી. ભૂત, ડૉ. જી. કે. સાપરા તથા અન્ય વૈજ્ઞાનિકો દ્વારા ટૂંકી અવધિની મગફળીની જાતો, આધુનિક ખેતી પદ્ધતિઓ, જીવાત તથા રોગ નિયંત્રણ, તેમજ દક્ષિણ આફ્રિકા માટે ભારતીય જાતોની તકો અને પડકારો અંગે વિગતવાર ચર્ચા કરવામા આવી.

આ દરમિયાન બંને પક્ષો વચ્ચે તકનીકી જ્ઞાનની આપ-લે થઈ અને ભવિષ્યમાં સંયુક્ત સંશોધન, બીજ ઉત્પાદન અને માર્કેટિંગ ક્ષેત્રે સહકારની સંભાવનાઓ અંગે સકારાત્મક ચર્ચા કરવામાં આવી. દક્ષિણ આફ્રિકામાં ટૂંકી અવધિની અને ઉચ્ચ ઉત્પાદન આપતી ભારતીય મગફળીની જાતો માટે વિશાળ તક ઉપલબ્ધ હોવાનો મત પ્રતિનિધિમંડળે વ્યક્ત કર્યો.

આ મુલાકાતથી આંતરરાષ્ટ્રીય સ્તરે સંશોધન અને વેપારીક સહકારને નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી.






PET -SB


PET -SB

